# બનાસબેંકમાં ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં તમામ બેઠકો કબજે

## ડીસા અને વડગામની બે બેઠકો પર જીત, સ્થાનિક ધારાસભ્યના પુત્રની હાર

બનાસકાંઠા જિલ્લા ની સહકારી ક્ષેત્ર ની અગ્રેસર ગણાતી બનાસબેન્ક ની ૧૭ બેઠકો બિનહરીફ થયા બાદ આજ રોજ ડીસા અને વડગામ ની બે બેઠકો પર મતદાન યોજાયું હતું બનાસબેન્ક ચેરમેન શંકરભાઈ ચૌધરી ના નેતૃત્વ તમામ બેઠકો કબજે કરી છે.



બનાસકાઠા જિલ્લા માં સહકારી સહકારી માળખા માં ચૂંટણી મેદાન પર ઉતરેલા ડીસા ના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ ના પુત્ર સંજય દેસાઈ અને વડગામ સીટ પર કેશરભાઈ ચૌધરી જે સહકારી ક્ષેત્રે મજબૂત ગણાતી બનાસબેન્ક ના સામે પ્રવાહ એ ચૂંટણી જંગ પર ઉતર્યા છે આજ સવારે ડીસા અને વડગામ બેઠક પર બનાસબેન્ક નું મતદાન શાંતિપૂર્ણ માહોલ માં સંપન્ન થયા બાદ બપોર બાદ પાલનપુર જીલ્લા સેવા સદન ના હોલ ખાતે ચૂંટણી અધિકારી આર.આઈ .શેખ ના અધ્યક્ષ સ્થાને બનાસબેન્ક ની ડીસા અને વડગામ બેઠક પર ની મતગણતરી હાથ ધરાઈ હતી.

રાજ્ય આરોગ્ય પ્રધાન: શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડી રહેલા કેશરભાઈ વાયડા ૩૦ મતો મળતા તેમને જીત હાસલ કરી હતી જયારે હરીફ ઉમેદવાર કેશરભાઈ ચૌધરી ૨૫ મત મળતા તેમની હાર થઈ હતી..જયારે ડીસા બેઠક પર જીગર દેસાઈ ને ૬૦મત મળતા તેમને શાનદાર જીત હાંસલ કરી હતી ત્યારે હરીફ ઉમેદવાર અને ડીસા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ ના પુત્ર સંજય દેસાઈ ને ૪૬મળતા પરાજિત નો ઝટકો સહન કરવાનો વારો આવ્યો હતો આજે બનાસબેન્ક ની બે બેઠકો પર શંકરભાઈ ચૌધરી ના બન્ને ઉમેદવારો ની જીત થતા ફરી જિલ્લા ના સહકારી માળખા ના મજબૂતી માં એક પીંછું ઉમેરાયું છે જિલ્લા કલેકટર કચેરી ખાતે જીત હાંસલ કરનાર બંને ઉમેદવારો ના સમર્થકો ની ભીડ જામી હતી બનાસકાઠા જીલ્લા મા બનાસ ડેરી બાદ આજે બનાસ બેન્ક મા પણ ભાજપ સમર્થીત પેનલ ની ભવ્ય જીત થતા હવે આગામી વિધાન સભા માં વર્તમાન સમય ના પરીણામો બદલાય તો નવાઈ નહિ.






### પાલનપુરમાં કરાર આધારિત કર્મચારીઓ દ્વારા રેલી યોજાઈ

આજે પાલનપુરમાં કરાર આધારીત કર્મચારી વર્ગ દ્વારા સરકાર સામે રેલી યોજી કાયમી કરવા રજૂઆત કરાઈ હતી. બનાસકાંઠા જિલ્લામાં બે હજારથી વધુ કર્મચારીઓ સરકારી દફતરમાં કરાર આધારિત વર્ષોથી ફરજ બજાવે છે. ત્યારે કાયમી કરવાના માંગ સાથે આજે જિલ્લા મથક પાલનપુર શહેરમાં આવેલા રામલીલા મેદાન ખાતે કરાર પર ફરજ બજાવતા કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી બેનરો સાથે રેલી યોજી હતી. જિલ્લા સેવા સદન ખાતે નાયબ નિવાસી કલેક્ટર એમ.ડી. મિસ્ત્રીને સરકારમાં કરાર આધારિત કર્મચારીઓને કાયમી કરવા માટે આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. મિડિયા સાથેની વાતચીતમાં કરાર આધારિત કર્મચારીઓએ જણાવ્યું હતું કે સમાન વેતન અને સમાન કામની સરકાર પાસે અમારી માંગણી છે અમે સરકારની વિરૂદ્ધ નહિ પણ સરકારની સાથે રહીને પણ અમારા હક માટે માંગણી કરીએ છીએ.

## મોડાસાની લિંભોઈની સીમમાંથી વિદેશી દારૂ પકડાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લિંભોઈ ગામની સીમમાં મોડાસા ગ્રામ્ય વિસ્તાર પોલીસે દરોડો પાડતા ખેતરમાં બનાવેલ ઓરડીમાં વેચાણઅર્થે રાખેલ વિદેશી દારૂનો રૂ. ૨૭હજારનો જથ્થો ઝડપી પાડ્યો હતો. અને આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા તાલુકાના લીંભોઈ ગામની સીમમાં દરોડા પાડી ખેતમરાં બનાવેલ ઓરડીમાં રખાયેલો રૂ. ૨૭ હજારનો વિદેશી દારૂનો જથ્થો ચાર પેટીમાં ૫૩ જેટલી વિદેશી દારૂની કાચની બોટલો મળી આવેલ હતી. જે વેચાણ અર્થે રાખેલ હતી. પોલીસે પ્રોહીબિશન એક્ટ અન્વયે ગુન્હો નોંધી આરોપી કીરીટભાઈ બાદરભાઈ ચૌહાણને ઝડપી પાડવા કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# એન્કાઉન્ટર સાચા જ થયેલા છે, ગંદા રાજકારણ થકી જેલવાસ ભોગવવો પડ્યો : ડી. જી. વણઝારા

## મોડાસા-તલોદમાં થયેલ સન્માન સમારંભમાં પૂર્વ પોલીસ અધિકારીનું પ્રવચન, પોલીસ તરીકેની ફરજ પૂર્ણ નિષ્ઠાપૂર્વક બજાવી હોવાનું જણાવ્યું

તલોદ/મોડાસા, તા. ૨૦

નકલી એન્કાઉન્ટરના કેસમાં જામીન ઉપર બહાર આવેલા રાજ્યના પૂર્વ ઉચ્ચ અધિકારીનું રાજ્યભરમાં ઠેર ઠેર સન્માન થઈ રહ્યું છે. બુધવારના રોજ મોડાસાથી તલોદ તરફ આવેલા આ અધિકારીનું તલોદના બદામકંપામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામ આગેવાનો તથા ગ્રામજનો સહિત અનેક લોકો હાજર રહ્યા હતા. પોલીસ ફરજ દરમ્યાન નિષ્ઠા જ રાખી હોવાનો સુર વ્યક્ત કરી ફરજમાં માન-સન્માન અને





અપમાન પણ મેળવ્યા હતા તેવુ જણાવ્યું હતું.

લાંબો સમય જેલવાસ ભોગવ્યા પછી રાજ્યના લોકો દ્વારા પૂર્વ ઉચ્ચ અધિકારી ડી.જી. વણઝારાનું ઠેર ઠેર સન્માન થઈ રહ્યું છે. મોડાસામાં યોજાયેલા સન્માન સમારંભ પછી તલોદ નજીક બદામકંપામાં તેમનો ૩૨મો સન્માન સમારંભ યોજાયો હતો. મોડાસાથી નીકળેલી ડી.જી. વણઝારાનું હરસોલ ખાતે ભવ્ય સ્વાગત કરી ડી.જે. સાઉન્ડના તાલે વિશ્વ હિંદુ પરિષદ તથા બજરંગદળના કાર્યકરોએ બાઈકરેલી મારફતે બદામકંપામાં આગમન કરાયું હતું.

બદામકંપાના ચંદુભાઈ જે. પટેલ પરિવાર તથા ગ્રામજનોએ ડી.જી. વણઝારાને ઉમળકાભેર આવકારી ફૂલહારથી સ્વાગત કર્યું હતું. બાદમાં દીપપ્રાગટ્ય કરાવી પાઘડી અને તલવારની ભેટ આપી શાલ ઓઢાડી સન્માન કરાયુ હતુ. ડી.જી. વણઝારાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે રાજ્યના મુખ્યમંત્રીની હત્યા કરવા આવેલા આતંકવાદીઓને ઝડપી મારી નાખવા તે તદન સાચુ એન્કાઉન્ટર હતુ. પરંતુ ગંદા રાજકારણે જેલવાસ કરાવ્યો. પોલીસની ફરજમાં સન્માન પણ મેળવ્યુ હતુ અને અપમાન પણ સહન કર્યુ હતુ. છતાં પોતાની ઉફજ પૂર્ણ નિષ્ઠાથી બજાવી છે. સર્જીકલ સ્ટ્રાઈક મુદે જણાવ્યું હતું કે દેશની સુરક્ષા માટે લેવા પડતા તમામ પગલા લેવાય તે જરૂરી હોય છે વધુમાં કાશ્મીરમાં અલગતાવાદીઓ થકી જ પ્રશ્ન સળગતો રહે છે જેથી તેઓને જબ્બે કરી લેવા જોઈએ. આ પ્રસંગે વણઝારા સમાજના આગેવાનોનું પણ સન્માન કરાયું હતું. ડી.જી. વણઝારાએ સૌ કોઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સરસ્વતી વિદ્યાલય, મોડાસા ૪૮માં તાલુકા યુવા ઉત્સવમાં ઝળકી

મોડાસા, તા. ૨૦

તાજેતરમાં જ તા. ૬-૧૦-૨૦૧૬ના રોજ મોડાસાની કરીમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલમાં મોડાસા તાલુકાનો ૪૮મો યુવા ઉત્સવ ઉજવાઈ ગયો. જેમાં મોડાસાની લબ્ધપ્રતિષ્ઠિત એવી શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયે લોકગીત, ભજન (બારોટ મેહુલકુમાર ડી.), પાદપૂર્તિ (ચોપડા શ્રદ્ધાબેન), એકાંકી તથા લોકનૃત્યમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો. જ્યારે લગ્નગીતો, દોહા-છંદ-ચોપાઈ, શીઘ્ર વક્તૃત્વ, સમૂહગીત અને એકપાત્રીય સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો. નિબંધલેકન(બ), કાવ્યલેખન (બ) તથા ચિત્રસ્પર્ધા (બ)માં દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો.



તાલુકામાં પ્રથમ આવેલ પાંચ સ્પર્ધાઓમાં આ શાળા તા. ૨૫-૧૦-૨૦૧૬ના રોજ જિલ્લા સ્તરે ભાગ લેવા જશે. મંડળ પ્રમુખ મોહનભાઈ ડી. પટેલ, મંત્રી હંસરાજભાઈ જી. પટેલ તથા સમગ્ર મંડળ, પ્રિ. ડૉ. જિજ્ઞેશભાઈ સુથાર તથા શાળા પરિવારે કન્વીનર કનુભાઈ જોષી, સ્પર્ધકો તથા વિવિધ સ્પર્ધાઓમાં સહાયક રહેલ સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

## મેઘરજ વન વિભાગના વનપાલને ગેરશિસ્ત ગેરરીતિ મામલે ફરજ પરથી મોકુફ કરાયા

મેઘરજ, તા. ૨૦

મેઘરજ ફોરેસ્ટ નોર્મલ વિભાગના જામગઢ બીટના વનપાલને મુખ્ય વનસરક્ષકે ગેરરીતિ, ગેરશિસ્ત અને ફરજમાં નિષ્કાળજી જેવી બાબતોથી ફરજ ઉપરથી મોકુફ કરાતાં મેઘરજના તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ મેઘરજ ફોરેસ્ટ નોર્મલ વિભાગમાં ૧૫ ઓગષ્ટ ૨૦૧૩માં આર.એ. વાકનું પોસ્ટિંગ મેઘરજ થતાં તેમને જામગઢ રાઉન્ડ વનપાલ તરીકે સોંજો આપવામાં આવ્યો હતો. પરંતુ વનપાલની ફરજના ત્રણ વર્ષ જ થયા હતા ને મુખ્ય વનસરંક્ષક ગાંધીનગર દ્વારા આર.એ. વાકને અઠવાડિક ડાયરીઓ સમયસર રજૂ ન કર્તા તેમજ સને ૨૦૧૫-૨૦૧૬ વર્ષમાં જી.એફ.ડી. પી. યોજના હેઠળના વાવેતર પ્લોટમાં કામગીરી દરમ્યાન ગેરરીતિ આચરવા બાબતે તેમની ફરજ પરથી તા. ૨૮-૯-૨૦૧૬ના રોજ દૂર કરવામાં આવ્યા છે.

### ફરજ પરથી મોકુફ કરાયેલ વનપાલ શું કહે છે

વર્ષ ૨૦૧૫-૧૬નું જીએફડીપી યોજના હેઠળ થયેલ કામગીરીમાં મોટો ભ્રષ્ટાચાર થયો જ છે અને તે તપાસમાં પણ બહાર આવ્યું છે. આ બાબતે સમગ્ર ભ્રષ્ટાચારની જાણ મેઘરજ તંત્રને લેખિતમાં તા. ૨-૯-૨૦૧૫ અને ૧૮-૯-૧૫ના રોજ આરપીએડીથી જાણ કરી હતી. પરંતુ આ ભ્રષ્ટાચાર દરમ્યાન હું બે મહિના મને એક તરફી ચાર્જ કર્યો હતો અને પછી હું બે મહિના મેડિકલ રજા ઉપર હતો ત્યાર પછી મારા હાજર થયા પછી મને જ્યારે આ બીટ વિસ્તારમાં મુકવામાં આવ્યો ત્યારે મારા ધ્યાને આવતા મે જાણ કરી હતી. પરંતુ આ જવાબદારોને સજા આપવાના બદલે મારા ઉપર ખાર રાખી મને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. આ ભ્રષ્ટાચારની રકમ કોણે ઉપાડી છે અને કોની સાઈનથી વાવચરો પાસ થયા, કોની સાઈન છે, કોને બનાવ્યા છે, રોજમેળ કોણે લખ્યો, રોજમેળ ઉપર કોની સાઈન છે જેવી બાબતોની જીણવટભરી તપાસ ઉચ્ચ અધિકારી દ્વારા કરવામાં આવે તો સત્ય બહાર આવે તેમ છે અને જો મે ભ્રષ્ટાચાર કર્યો હોય તો મારી સામે પાલીસ કેસ કેમ ન કરવામાં આવ્યો ? વગેરે હકીકત રજૂ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વનપાલ પાસેથી માહિતી મળતા મુજબ કોર્ટના દ્વાર ખખડાવે તેવી પુરી સંભાવના સેવાઈ રહી છે.



### થરા નગરપાલિકાની વેરાવસુલાત

થરા નગરપાલિકાના વેરા શાખા દ્વારા વેરા વસુલાતની કામગીરી આજરોજ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત નગરપાલિકાના મોટા બાકીદારોને અગાઉ તેમની વેરાવસુલાત ભરપાઈ ન કરે તો તેમની મિલકત શીલ કરવા નોટીસો કાઢવામાં આવી હતી. તેમ છતાં બાકીદારોએ વેરો ભરપાઈ ન કરતા તંત્ર દ્વારા મિલકત શીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત શાહ નટવરલાલ અમૃતલાલના નામે ચાલતી મિલ્કત નં. ૧૭૭૯ દુકાન નં. ૩૪ ભોગવટેદાર જોષી દેવચંદભાઈની આનંદ ટ્રેડર્સ નામની માર્કેટયાર્ડ થરાની દુકાન શીલ કરવામાં આવતા અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. અને તંત્રની આ કામગીરીને પગલે અન્ય દુકાનો પણ ફટોફટ બંધ થઈ ગઈ હતી.



### પાલનપુરમાં કરવા ચોથની ઉજવણી

પતિના લાંબા આયુષ્ય માટે અને તેની સુખ સમૃદ્ધિ માટે મહિલાઓ જાતભાતના વ્રત કરતી હોય છે પરંતુ પતિના દીર્ઘાયુ માટે કરવા ચોથના વ્રતની ઉજવણી ખુબ આનંદ અને ઉલ્લાસપૂર્વક સાથે કરવામાં આવે છે. પતિના દીર્ઘ આયુષ્ય માટે કરવામાં આવતા કરવા ચોથ વ્રતની ભાવ પૂર્વક સામુહિક ઉજવણી પાલનપુર શહેરની પરિણિત મહિલાઓ દ્વારા કરવામાં આવી હતી. પાલનપુર શહેરના મહેશ્વરી સમાજના હોલ ખાતે મહેશ્વરી સમાજની મહિલા મંડળ દ્વારા સામુહિક કરવા ચોથ વ્રતની ઉજવણી માટે વિશેષ કાર્યક્રમ અને પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાલનપુર મહેશ્વરી મહિલા સમાજના પ્રમુખ મીનુબેન મહેશ્વરી સહીત મહેશ્વરી સમાજની મહિલાઓ વિશાળ સંખ્યામાં જોડાઈ હતી. પાલનપુર મહેશ્વરી સમાજની મહિલાઓ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી કરવા ચોથની સામુહિક ઉજવણી ખુબ આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે.

## વડનગરમાં ૯-૧૦ નવેમ્બરે તાના-રીરી મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૨૦

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને આગામી નવેમ્બર માસમાં તારીખ ૯ અને ૧૦ નવેમ્બરના રોજ યોજાનાર તાના-રીરી મહોત્સવની પુર્વ તૈયારી અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં વડનગર ખાતે અગત્યના સ્થળોની સાફ સફાઈ, રંગરોગાન, લાઈટીંગ કરવા માટે તાકીદ કરાઈ હતી. આ ઉપરાંત શર્મિષ્ઠા તળાવ ખાતે યોજાનાર મહત્વના કાર્યક્રમની ચર્ચા અને તેની વ્યવસ્થા માટે જરૂરી સુચનો કરાયા હતા. આ ઉપરાંત તાના-રીરી મહોત્સવમાં વિવિધ સ્ટોલ કરવા, પ્રદર્શન ગેલેરી કરવા સહિતની વ્યવસ્થા કરવા બાબતે સુચનો કરાયા હતા.

તાના-રીરી મહોત્સવમાં વિશ્વ કક્ષાના કલાકારો પરફોમન્સ કરનાર છે જેથી કલાકારોની રહેવાની વ્યવસ્થા સહિતની આનુષંગિક વ્યવસ્થા કરવા ચર્ચા કરાઈ હતી. તાના-રીરી મહોત્સવમાં સ્ટેજની વ્યવસ્થા, મંડપની વ્યવસ્થા, ડાયસ પ્લાનની વ્યવસ્થા, શર્મિષ્ઠા તળાવ ખાતે બેઠકની વ્યવસ્થા, કલાકારોના રોકાણની વ્યવસ્થા, ભોજનની વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા, પ્રચાર-પ્રસારની કામગીરી, સ્ટોલ તથા ક્રાફ્ટ બજારની વ્યવસ્થા, મહાનુભાવોની યાદી તથા મોમેન્ટોની યાદી તૈયાર કરવાની વ્યવસ્થા, એનાઉન્સર અને સ્ટેજ સુશોભીતની વ્યવસ્થા સહિતની કામગીરી કરાઈ હતી.

આ બેઠકમાં આસિટન્ટ કલેકટર અરૂણ મહેશ બાબું સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### અરવલ્લી જિલ્લા માઈનોરીટી કોંગ્રેસ દ્વારા ટ્રીપલ તલાક મુદ્દે આવેદનપત્ર આપ્યુ

ટ્રીપલ તલાક મુદ્દે કેન્દ્ર સરકારે કરેલી દખલગીરીને લઈને ચારેબાજુથી લઘુમતિ સમાજ દ્વારા તેનો ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગુરૂવારે અરવલ્લી જિલ્લામાં જિલ્લા માઈનોરીટી કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી માંગણી કરવામાં આવી હતી કે કેન્દ્ર સરકાર ધર્મની બાબતમાં દખલગીરી ના કરે. ભારતમાં વસતા દરેક નાગરીકને પોતાના સામાજીક કાયદા અને ધાર્મિક કાયદાઓમાં રહેવા દે આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર દ્વારા મુસ્લીમ સમાજના ધાર્મિક કાયદાઓમાં દખલ અંદાજી બંધ નહિ કરવામાં આવે તો સરકારે આના પરિણામ ભોગવવા પડશે. અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ માઈનોરીટી ડીપાર્ટમેન્ટના કાદરઅલી સૈયદ, મોડાસા-ધનસુરાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, મોડાસા શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, કોર્પોરેટર જમાદાર, જિલ્લા અનુ. જાતિ મોરચા પ્રમુખ નિકુંજ પરમાર સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. શરીઅતકા કાનુન કયામત તક કોઈ નહિ બદલ શકતાના સૂત્રોચ્ચાર કર્યા હતા.